## મુખ્યમંત્રી અને વિપક્ષી નેતાએ જગન્નાથ મંદિરમાં પૂજન-અર્ચન કર્યું

### જગન્નાથ મંદિર પરિસર ધમધમી ઉઠ્યું : મોદીએ ભગવાન જગન્નાથજી માટે વિશેષ પ્રસાદ મોકલ્યો



અમદાવાદ, તા. ૨૪

આવતીકાલે શહેરમાં ભગવાન જગન્નાથજીની ૧૪૦મી રથયાત્રા નીકળનાર છે, જેમાં આટલા વર્ષોના ઈતિહાસમાં સૌપ્રથમવાર ભગવાન જગન્નાથજી યદુવંશીના સ્વરૂપમાં એટલે કે, ગોવાળિયાના વેશમાં જોવા મળશે. આ માટે ભગવાન જગન્નાથજીને એ મુજબ, ખાસ ચાંદીની પાઘડી અને વાઘા-વસ્ત્રો અને સાજ શણગાર કરવામાં આવશે. એક તરફ દેશમાં ગાયમાતાના રક્ષણ માટેની જોરદાર માંગ ચાલી રહી છે અને તેવા સમયે જ યોગાનુયોગ ભગવાન જગન્નાથજી પણ ગોવાળિયાના સ્વરૂપમાં કે જેને ગાય સૌથી પ્રિય છે તે સ્વરૂપમાં તેમના ભકતજનોને દર્શન આપશે. બીજીબાજુ, રથયાત્રાને લઈ જગન્નાથ મંદિરમાં મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, પ્રધાનમંડળના સભ્યો, વિપક્ષના નેતા-આગેવાનો સહિતના મહાનુભાવોની મુલાકાતને લઈ મંદિર પરિસર ધમધમી ઉઠયું હતુ. રથયાત્રાને લઈ જગન્નાથમંદિર રોશની, આસોપાલવ અને ફુલહારના તોરણો સહિતના સુશોભનોથી સુંદર અને અદ્‌ભુત રીતે સજાવાયું છે.



# બાપુના બગાવતી બાણ

ગાંધીનગર, તા. ૨૪

કોંગ્રેસની આંતરિક લડાઈની આજે સમર્થકો સમક્ષ ઊજાગર કરતાં દિગ્ગજ નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યુ હતુ કે વિધાનસભાના જંગની

**કોંગ્રેસની આંતરિક લડાઈથી વ્યથિત જરૂર છુ ; હું તો ચૂંટણીના હોમવર્કનો આગ્રહ કરી રહ્યો છુ, જો નહિ કરાય તો હું ખાડામાં નહિ પડુ : શંકરસિંહ**

તૈયારી કરો તેવી વારંવારની રજુઆતો પછી પણ હોમવર્કની નેતાઓ ઈચ્છા ધરાવતા હોય તેવુ લાગતુ નથી આમ છતાં હજુ વધુ એક વખત દિલ્હી જઈ તમારી લાગણી વ્યક્ત કરીશ.

શંકરસિંહજી વાઘેલાએ સમર્થકોને જણાવ્યુ કે સંઘર્ષ અને સેવા એ અમારો સંસ્કાર છે પરંતુ ખાડો દેખાતો હોય તો તેમાં પડવાની તેમની તૈયારી નથી.

બાપુએ કહ્યુ કે ૨૦૧૨ના જંગમાં છેલ્લી ઘડીએ ૨૮ બેઠકો પર છેલ્લી ઘડીએ ઉમેદવારોનો બદલાવ કરી સામે ચાલી પરાજય પક્ષનો કરાવવામાં આવ્યો છે. હું ગાંધીનગર લડવા માંગતો હતો ત્યાં નિશીત વ્યાસ આવ્યો અને થોડીક મિનિટો પહેલાં મને ફોન પર પુછવામાં આવ્યુ કે 'સુરેશ પટેલ કા કૈસા રહેગા.'

મને કપડવંજની બેઠક ફાળવી





અને ત્યાં હરાવવાનો પ્રયાસ કરાયો પણ ફાવ્યા નહિ. ગોધરામાં કોંગ્રેસના લોકોએ જ મને હરાવ્યો હતો અને

**બાપુનુ નેતૃત્વ એટલે કાર્યકર્તાનું હૃદય ખોલવાનું સરનામુ : રવાણી, બાપુનુ નેતૃત્વ એટલે સૌને સાથે લઈ ચાલવાનો અભિગમ : માલજી દેસાઈ**

સાબરકાંઠામાં પણ કોંગ્રેસના જ નેતાઓ મને હરાવવામાં સક્રિય હતા.

પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓને સારા સ્થાન અપાય છે. તેમણે કહ્યું કે જંગ જીતવો હોય તો તેનુ હોમવર્ક કરવુ પડે. મેં બધાને વાત કરી છે હજુ પણ રાષ્ટ્રપતિના ઉમેદવારી પત્ર ભરવા વખતે જવાનો છુ અને ૨જીએ પણ દિલ્હી જવાનો છુ ત્યારે પુનઃ મારી વાત મોવડીમંડળ સમક્ષ દોહરાવીશ અને તમારી લાગણીઓને વાચા આપીશ.

તેમણે કહ્યુ હતુ કે મેં સોનિયાજીને કહ્યુ છે કે તમારો વિશ્વાસ ભંગ નહિ કરૂ. રાહુલજીને મે ત્યાં સુધી કહ્યું કે કેટલા લોકો ધક્કો મારી મને કાઢવા આતુર બન્યા છે ત્યારે તેમને પણ એ વાતનો સ્વીકાર કર્યો હતો કે અમને જે અહેવાલ મળે છે તે પણ એવુ જ કંઈક દર્શાવે છે.

રાજ્યસભાની ચૂંટણીમાં મહેન્દ્રસિંહને મેદાનમાં ઉતારવાની વાતનો ઉલ્લેખ કરી જણાવ્યું હતુ કે મહેન્દ્રસિંહ નહિ હું રાજ્યસભામાં જવુ એવુ નથી લાગતો. તેમણે કોંગ્રેસની લડાઈ ભાજપ કરતાં કોંગ્રેસની અંદર વધારે હોય એવુ સ્પષ્ટ લાગે છે. હું હાર્યો નથી કે થાક્યો નથી પરંતુ ખાડો જોઈ પડવુ એવો મત જરૂર નથી ધરાવતો.

આ સંમેલનને સંબોધતા કોંગી અગ્રણી નવિનભાઈ રવાણીએ જણાવ્યું હતુ કે બાપુનું નેતૃત્વ એટલે કાર્યકરોને દિલ ખોલવાનું સરનામુ છે. ઉત્તર ગુજરાતના દિગ્ગજ અગ્રણી માલજીભાઈ દેસાઈએ કહ્યું કે બાપુ સૌને સાથે લઈ ચાલવામાં માને છે અને જંગ જીતવો હોય તો સૌને સાથે રાખી શકે તેવુ નેતૃત્વ જોઈએ.

સૌરાષ્ટ્રમાંથી કાશ્મીરા નથવાણીએ પ્રવચન કરતાં કહ્યું કે કોંગ્રેસ ૧૨૫ વર્ષ જુનો પક્ષ છે એટલે સત્તાની ઈચ્છા મરી પરવાળી હોય તો બાપુ તેમનામાં ઈચ્છાઓ જગાવો પણ નિવૃત્તિનું ના વિચારો.

ખેડાના મુકેશભાઈએ પણ નિવૃત્તિ થવાની વાત નહિ બાપુ ગુજરાત તમારી પડખે છે.

પ્રો. કિશોરસિંહ સોલંકીએ જણાવ્યું કે બાપુનો પર્યાય ના હોય; બાપુ તમારી સક્રિયતા એ રાજકીય વાદળોમાં આજે પણ દીવાદાંડી છે તમે નિવૃત્ત થવાનો વિચાર છોડી દો. ગુજરાતને અને ગુજરાતની પ્રજા તમારી પડખે છે.

**ગુજરાત નાજુક પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યુ છે ત્યારે સમર્થ અને અનુભવી નેતૃત્વની જરૂર છે : ડો. જીતુ પટેલ**

ડૉ. જીતુ પટેલે કહ્યું કે ગુજરાત આજે નાજુક પરિસ્થિતિમાં છે ત્યારે આપનુ સમર્થ નેતૃત્વ એ સમયની માંગ છે. આપ ગુજરાતને જાણો છો અને ગુજરાત આપને જાણે છે.

સિદ્ધપુરના અહમદભાઈએ પણ બાપુના નેતૃત્વના પાસાંઓને ઊજાગર કરી જણાવ્યુ હતુ કે વિશ્વાસ અને શ્રદ્ધાનું પ્રતીક જેવુ તેમનુ નેતૃત્વ છે.

ડૉ. સી.જે. ચાવડાએ પણ એન્કરીંગ દરમ્યાન બાપુ સાશનના સંસ્મરણોને વાગોળી બાપુના નેતૃત્વને બિરદાવ્યુ હતુ.

# વાપીમાં ૧૨ ઈંચથી વધુ વરસાદ

## દક્ષિણ ગુજરાતઅને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં વરસાદ : વડોદરા, ભાવનગર, જામનગર, પાલીતાણા, છોટાઉદેપુરમાં ભારે વરસાદ : જનજીવન સંપૂર્ણ ઠપ

અમદાવાદ, તા. ૨૪

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકના ગાળામાં ભારે વરસાદ થયોછે જેથી અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. દક્ષિણ ગુજરાતના વાપીમાં ૧૧ કલાકના ગાળામાં જ ૧૨ ઈંચથી વધુ વરસાદ પડતા જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાછે. સવારે વરસાદની શરૂઆત થયા બાદ મોડી સાંજ સુધી વરસાદ જારી રહ્યો હતો. વાહનો પાણીમાં ડુબી ગયા હતા. લોકો પણ અટવાઈ પડ્યા હતા. લોકોના ઘરોમાં પાણી ઘુસી ગયા હતા. બીજી બાજુ દમણ દાદરાનગર હવેલીમાં પણ અતિ ભારે વરસાદ થયો છે. દક્ષિણ ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્રના અનેક ભાગોમાં પણ વરસાદ પડ્યો છે. બીજી બાજુ વડોદરામાં એક કલાકના ગાળામાં બ ઈંચ વરસાદ ખાબકી ગયો છે. ગેંડાગેટ વિસ્તારમાં મકાનની છત ધરાશાયી થતાં એક વ્યક્તિનું મોત થયું હતું. જ્યારે નજીકમાં રહેતા પાંચ લોકોનો સહેજમાં બચાવ થયો હતો. ભાવનગરમાં એક ઈંચ વરસાદ નોંધાઈ ગયો છે જ્યારે જામનગરમાં પોણો ઈંચ વરસાદ થયો હોવાનાઅહેવાલ મળ્યા છે. રાજપીપળા પંથકમાં સવારથી જ ધોધમાર વરસાદ થયો છે. અનેક ગામો પુરની સ્થિતિમાંઆવી ગયા છે. મકાનો અને દિવાલો પડવાના બનાવો બન્યા છે. રાજકોટથી પ્રાપ્ત અહેવાલ મુજબ ઠેર ઠેર ચોમાસાનો માહોલ છે. છોટાઉદેપુરમાં મોસમનો કુલ વરસાદ વધીને ૧૯ ઈંચ ઉપર પહોંચી ગયો છે. આણંદના ચરોતર, સાબરકાંઠા, પાલીતાણા, છોટાઉદેપુરમાં ભારે વરસાદ થયો છે.સુરતમાં પણ વરસાદ નોંધાયો છે. ભરુચમાં વહેલી સવારથી જ વરસાદી માહોલ જામ્યો હતો.તાપી, વાપી, દમણ અને આસપાસના વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાયો છે. રાજપીપળા સહિતના પંથકમાં વરસાદથી ઠંડક પ્રસરી ગઈ છે. બીજી બાજુ હવામાન વિભાગે કહ્યું છે કે, હજુ ભારે વરસાદ પડી શકે છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં આજે હવામાનમાં પલટા વચ્ચે ઘણી જગ્યાએ વરસાદ જારી રહ્યો હતો. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને દિવના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. વરસાદના કારણે ખેડૂતોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું.



ગજરાજને શણગાર - અમદાવાદની ઐતિહાસિક રથયાત્રામાં ગજરાજાની આગેવાની હેઠળ ભગવાનના ત્રણેય રથ શહેરની પરિક્રમા કરે છે... ૧૩૯ વર્ષથી રથયાત્રામાં ગજરાજનો મહિમા અનોખો હોય છે... સ્મૃતિ પટ પર એવી તસવીર પણ અંકાયેલી છે કે સરકાર દ્વારા રથયાત્રા પર મુકાયો ત્યારે ગજરાજે પોલીસ હટાવી ભગવાનની નગરચર્યાનો માર્ગ મોકળો કર્યો હતો... વર્ષોથી અમદાવાદના નગરજનો ગજરાજને પ્રણામ કરે છે... ગજરાજને શણગારવા અનેક કલાકારો પૂર્વ સંધ્યાએ પોતાની કલાની પ્રસ્તુતિ કરી હતી અને અદભૂત શણગાર દ્વારા સમગ્ર રથયાત્રાનું આકર્ષણ નિર્માણ કર્યું હતું.



મહેસાણા ખાતે પાંચોટ સર્કલ નજીક ઊંઝા બાયપાસ હાઈવે પર બપોરના સમયે પરપ્રાંતની ટ્રક અને ક્રેટા મોટરકાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ક્રેટા મોટરકારના ચાલકનુ કારમાં જ કરૂણ મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ ટ્રક ટ્રેઈલર ચાલક નાસી છૂટ્યો હતો. આ બનાવ અંગે મહેસાણા તાલુકા પોલીસે ટ્રક ટ્રેઈલર નં. એમ.એચ.૦૪.ઈ.બી.૧૩૮૮ના ચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કટોકટીનો કાળ લોકશાહીની હત્યા સમાન હતો : ડૉ. સુબ્રમણ્યમ સ્વામી

## મેધોનિર્ધોષ મીડિયા દ્વારા આયોજિત કાર્યક્રમમાં કટોકટીકાળ દરમ્યાન જેલવાસ ભોગવનારા લડવૈયાઓનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરની મેઘનિર્ધોષ મીડિયા પ્રા.લિ. નામની સંસ્થા દ્વારા આજે ભાટ ગામે નારાયણી હાઈટ્સ ખાતે 'ધ ઈમર્જન્સી-હિરોઝ એન્ડ વિલન્સ' સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કટોકટીકાળ દરમ્યાન મીસાના કાયદા હેઠળ જેલવાસ ભોગવનારા નાગરિકોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યસભાના સાંસદ તથા પ્રખર વક્તા ડૉ. સુબ્રમણ્યમ સ્વામી તથા કેન્દ્રિય મંત્રી પુરુષોત્તમ રૂપાલા તથા પ્રસાર ભારતીના ચેરમેન ડૉ. એ. સૂર્યપ્રકાશ ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં ડૉ. એ. સૂર્યપ્રકાશ લિખિત 'ધ ઈમર્જન્સી-ઈન્ડિયન ડેમોક્રેસીઝ ડાર્કેસ્ટ અવર' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડૉ. સુબ્રમણ્યમ સ્વામીએ કટોકટીકાળ દરમ્યાનના તેમના સંઘર્ષની યાદો તાજી કરતા કહ્યુ હતુ કે જો ભારતમાં નરેન્દ્ર મોદીની સરકાર ના બની હોત તો દેશની હાલત અત્યંત ગંભીર હોત. કટોકટીકાળને લોકશાહીની હત્યા સમાન ગણાવતા તેમણે પાઠ્યપુસ્તકોમાં કટોકટીનું પ્રકરણ સામેલ કરવુ જોઈએ તેવો મત વ્યક્ત કર્યો હતો. આ સાથે તેમણે મનમોહનસિંહને સર્કસના સિંહ ગણાવતા આગામી પેઢીને અન્યાય સામે અવાજ ઉઠાવતા કરવાની કેળવણી આપવા અનુરોધ કર્યો હતો અને લોકતંત્ર વગર વિકાસ શક્ય નથી તેવું જણાવ્યું હતું.

અગાઉ પુરુષોત્તમ રૂપાલાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા કહ્યું હતું કે આ ઈતિહાસને નવી પેઢી સુધી પહોંચાડવાનો સાચો પ્રયાસ છે. કટોકટી એ સ્વતંત્રતા સામે ઉભો થયેલો પડકાર હતો તેવું કહેતા તેમણે કટોકટીના કાળને નવી પેઢી સમક્ષ મુકવાની અગત્યતા જણાવી હતી. આ પ્રસંગે ડૉ. એ. સૂર્ય પ્રકાશ કટોકટી કાળ દરમ્યાન નાગરિકોના મૌલિક અધિકારોનું ગળુ ઘોંટવામાં આવ્યું હતું તેવુ કહેતા ફરી આવો કાળ ના આવે તે માટે શપથ લેવા જણાવ્યું હતું.

### પર્યાવરણ બચાવોનો... ● ત્રીજા પાનાનું ચાલુ

સંદેશ મુખ્ય છે. શ્રીમદ ભગવત ગીતામાં જણાંવ્યા મુજબ વૃક્ષો ભગવાનના રૂવાડા છે. ત્યારે પર્યાવરણ માટે નગરજનોએ વધુ જાગૃત બનવુ જોઈએ તેમ પણ તેમણે જણાંવ્યુ હતુ.

હીન્દુ ધર્મમાં દરેક મંદિરમાં રથ મહોત્સવ ઉજવાતો હોય છે. જયારે આ મહોત્સવનુ પુરુષોત્તમ ક્ષેત્ર જગન્નાથપુરીમાં વિશેષ મહત્વ છે. જગન્નાથપુરીમાં પ્રગટ થયેલા ભગવાને ગુપ્ત સ્વરૂપે વસવાટ કર્યો હતો. ભગવાનનુ પ્રાગટય એક વૃક્ષના રૂપમાં થયુ હતુ. ઉજ્જૈનના ઈન્દ્રધ્યુમન રાજાની તપશ્ચર્યાના લીધે ભગવાનને દર્શન આપ્યા હતા. જેના લીધે દ્વારકાનુ જેટલુ મહત્વ છે એટલુ જ જગન્નાથપુરીનુ છે. વૃક્ષ રૂપમાં પ્રગટ થયેલા ભગવાનની એ જ વૃક્ષમાંથી મુર્તિ ઘડવામાં આવી હતી. ભગવાને ૧૫ દિવસની મહેતલ આપી હતી. જયારે મુર્તિ ઘડતર દરમિયાન કોઈએ પણ દ્વાર ન ખોલવાની કે જોવા સાંભળવાની પણ મનાઈ હતી. મુર્તિનુ ઘડતર કામ ચાલુ હતુ તે દરમિયાન રાણીની ઉત્સુકતાના લીધે દ્વાર ખોલી નાંખવામાં આવ્યા હતા જેના લીધે મુર્તિનુ ઘડતર પુર્ણ રીતે થયુ ન હતુ. જેના લીધે અધુરા સ્વરૂપમાં જગન્નાથજીની કાષ્ઠની મુર્તિના દર્શન થાય છે. આ દરમિયાન ભગવાનને તાવ અને આંખો આવી જેના લીધે આંખે પાટા બાંધવામાં આવ્યા હતા. ત્યારબાદ આ પાટા ખોલીને નગરયાત્રા માટે નિકળ્યા હતા. તે દિવસથી રથયાત્રા શરૂ થઈ. આખુ વર્ષ જગત આખુ ભગવાનના દર્શન માટે મંદિર આવે જયારે આ દિવસે ભગવાન ભાવિકોને દર્શન આપવા સ્વયં નગરયાત્રાએ નીકળે છે. જેથી કોઈ ભક્તો દર્શનથી વંચિત ન રહે. ગાંધીનગરમાં પણ વર્ષ ૧૯૮૫થી ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આજે ૩૩ મી રથયાત્રા નિકળશે. આ તબક્કે તેમણે જણાંવ્યુ હતુ કે નાગરિકો સંસ્કૃતિને અનુરૂપ રહે અને તેનુ સન્માન કરે તેવા આશય સાથે જાતિવાદથી પર રહેવાનો સંદેશો પાઠવતા રથયાત્રા મહોત્સવમાં પર્યાવરણ બચાવો અંગે જાગૃતિ કેળવાય તે પણ મુખ્ય વાત છે. વૃક્ષના થડમાંથી જ ભગવાનની મુર્તિ બની છે. વૃક્ષ પુજનીય છે. શ્રીમદ ભગવત ગીતામાં ભગવાન કૃષ્ણએ જણાંવ્યા મુજબ વૃક્ષો ભગવાનના રૂવાડા છે માટે વૃક્ષોનુ જતન અને રક્ષણ આપણી જવાબદારી છે. વધુમાં નગરજનો પાણી અને વિજળીના બગાડ અંગે પણ જાગૃત થાય તે પણ જરૂરી છે. રથયાત્રા દરમિયાન ક્યાંય ગંદકી ન કરવા તેમજ જયાં ત્યાં થુંકવા અને ધુમ્રપાન નહીં કરવા ઉપરાંત પવિત્ર આચરણ કરવા પણ તેમણે જણાંવ્યુ છે.

### ઐતિહાસિક રથયાત્રા ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચાંદીની અને તેને અનુરૂપ વાઘા-વસ્ત્રો અને સાજ શણગાર તૈયાર કરવામાં આવી ચુક્યા છે. ૨૫મીએ સવારે મંગળાઆરતીમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ હાજર રહેશે, જયારે સાત વાગ્યે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે પહિંદવિધિ બાદ તેઓ રથ ખેંચી રથયાત્રાનું પ્રસ્થાન કરાવશે. રથયાત્રાનો આ એક જ દિવસ એવો હોય છે જેમાં ખુદ જગતનો નાથ નગરચર્યાએ નીકળી તેના ભકતોને ઘેરબેઠા દર્શન આપે છે. રથયાત્રાના અગ્રભાગમાં ૧૯ શણગારેલા ગજરાજો, ત્યારપછી ૧૦૧ ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતી ટ્રકો, અંગ કસરતના પ્રયોગો સાથે ૩૦ અખાડા, ૧૮ ભજનમંડળીઓ સાથે ત્રણ બેન્ડબાજાવાળા આકર્ષણનું કેન્દ્ર બનશે. સાધુ-સંતો, શ્રધ્ધાળુ ભકતો સાથે ૧૨૦૦ જેટલા ખલાસી ભાઈઓ રથ ખેંચતા રહેશે. આ રથયાત્રામાં ભાગ લેવા દેશભરમાંથી ૨૦૦૦થી વધુ સાધુ-સંતો હરિદ્વાર, અયોધ્યા, નાસિક, ઉજ્જૈન, જગન્નાથપુરી અને સૌરાષ્ટ્ર સહિતના સ્થાનોએથી પધારશે. રથયાત્રાના દિવસે તા. ૨૫મીએ વહેલી સવારે ૪-૦૦ વાગ્યે ભગવાનની મંગળાઆરતી કરાશે, ત્યારબાદ આદિવાસી નૃત્ય અને રાસગરબાનો પરંપરાગત કાર્યક્રમ યોજાશે. એ પછી ભગવાનના આંખે બાંધેલા પાટા ખોલવાની શાસ્ત્રોક્ત વિધિ બાદ ૫-૪૫ કલાકે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામને ત્રણેય રથોમાં સવાર કરાશે. ૭-૦૦ વાગ્યે પહિંદવિધિ બાદ રથયાત્રાનો શુભારંભ થશે. રથયાત્રાના દિવસે વહેલી સવારે ભગવાનને વિશિષ્ટ ભોગ ધરાવાય છે, જેમાં પરંપરા મુજબ, ખીચડી, કોળા-ગવારફળીનું શાક અને દહીં હોય છે. રથયાત્રા દરમ્યાન ૩૦ હજાર કિલોથી વધુ મગ, ૫૦૦ કિલો જાંબુ, ૩૦૦ કિલો કેરી, ૪૦૦ કિલો કાકડી અને દાડમ તથા બે લાખ ઉર્પણા પ્રસાદમાં વિતરણ કરાશે.

ઐતિહાસિક રથયાત્રાને લઈને તમામ તૈયારીઓ પહેલાથી જ પૂર્ણ કરી લેવામાં આવી છે. રથયાત્રા રૂટ ઉપર સુરક્ષા જવાનો પણ ગોઠવાઈ ગયા છે. કોઈપણ અનિચ્છનીય બનાવને ટાળવા તથા રથયાત્રાને શાંતિપૂર્ણ રીતે પસાર કરવા તંત્રએ કમરકસી લીધી છે. દર વર્ષની જેમ જ આ વર્ષે પણ હજારોની સંખ્યામાં પોલીસ જવાનો મોરચા સંભાળી ચુક્યા છે. બુધવારના દિવસે રથયાત્રા નિકળનાર છે. સમગ્ર યાત્રા દરમિયાન સીસીટીવી, નેત્ર અને કન્ટ્રોલરૂમ મારફતે આખી રથયાત્રાનું મોનીટરીંગ કરવામાં આવશે. ભવ્ય રથયાત્રાને શાંતિપૂર્ણરીતે પાર પાડવા સાવચેતીના તમામ પગલા લેવાયા છે. આવતીકાલે રથયાત્રા જગન્નાથ મંદિરેથી નીકળીને જમાલપુર ચકલા, વૈશ્ય સભા, ગોળ લીમડા ,આસ્ટોડીયા ચકલા, મદન ગોપાલની હવેલીથી, રાયપુર ચકલા, ખાડિયા ગેટ, ખાડિયા ચાર રસ્તા, પાંચકૂવા, કાલુપુર સર્કલથી કાલુપુર બ્રીજ થઈને સરસપુર જશે. સરસપુરમાં વિરામ બાદ કાલુપુર બ્રીજ, કાલુપુર સર્કલ, પ્રેમ દરવાજા, જોર્ડન રોડ, દિલ્હી દરવાજા, હલીમની ખડકી, શાહપુર દરવાજા, શાહપુર ચકલા, ઘીકાંટા રોડ, પાનકોર નાકા, માણેકચોક થઈને ગોળ લીમડા, ખમાસા થઈને નીજ મંદિરે પાછી ફરશે. નિજમંદિર પરત ફર્યા બાદ જ તંત્રને રાહત થશે. રથયાત્રામાં હાથી, ટ્રકો, જુદા જુદા શણગારેલા રથ હશે જેના મારફતે લોકોને જુદા જુદા વિસ્તારોમાં પ્રસાદીનું વિતરણ કરવામાં આવશે. તમામ માર્ગો પર મોટી સંખ્યામાં લોકો ભગવાનના દર્શન કરવા માટે જમા થનાર છે. જેથી ખાસ વ્યવસ્થા ગોઠવી દેવામાંઆવી છે.